
Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir




For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## વિષય-પરિચય.


૧ અપરાધ ક્ષમા સ્તવન. ... ... ... ... ... ૨૫
૨ સમ્યગ્ જ્ઞાનની કુંચી. ... ... ... ... ... ૨૭
૩ ધાર્મિક ઉદારતા. ... ( બાબુ સાહેબ પૂરણચંદજી નહાર. ) ... ૨૯
૪ આત્માની શોધમાં ( લે. ચોકસી ) ... ... ... ... ૩૩
૫ જૈન દર્શનની દૃષ્ટિએ મનનું સ્વરૂપ. ( સંપાદક V. ) ... ... ૩૫
૬ સુભાષિત પદ સંગ્રહ. ( સ. ક. વિ. )... ... ... ... ૩૭
૭ મારવાડની યાત્રા. ( લે. મુનિશ્રી ન્યાયવિજયજી )... ... ... ૪૧
૮ સ્વીકાર અને સમાલોચના. ... ... ... .. ... ૪૬
૯ શેઠ પ્રેમચંદ રતનજીનો ખેદજનક સ્વર્ગવાસ. ... ... ... ૪૮



બંને ભાગોની થોડી નકલો સીલીકે છે—

## શ્રી બૃહતકલ્પસૂત્ર બીજો ભાગ.

( મૂળ, ભાષ્ય, ટીકા સહિત. )

અતિમાન્ય આ છેદસૂત્રનો બીજો ભાગ પ્રાચીન ભંડારોની અનેક-લિખિત પ્રતો સાથે રાખી અથાગ પરિશ્રમ લઇ સાક્ષરવર્યો મુનિરાજશ્રી **ચતુરવિજયજી** મહારાજ તથા મુનિરાજ શ્રી **પુણ્યવિજયજી** મહારાજે સંશોધન કરી તૈયાર કરેલ છે.

પ્રથમ ભાગ કરતાં બાર ફોર્મનો વધારો થતાં ઘણોજ મોટો ગ્રંથ થયેલ છે અને તે સુંદર બ્લુ ઉંચા ટકાઉ કાગળ ઉપર, સુંદર શાસ્ત્રી અક્ષરોમાં, શ્રી નિર્ણયસાગર પ્રેસમાં મોટો ખર્ચ કરી છપાવેલ છે. સુશોભિત મજબુત કપડાનું બાઇંડીંગ કરાવ્યું છે. આવું પ્રાચીન સાહિત્ય સુંદર રીતે પદ્ધતિસરનું પ્રકાશન ફક્ત આ સભા જ કરે છે. જૈન જૈનેતર વિદ્વાનો અને હિંદની કોલેજના પ્રોફેસરો, પાશ્ચિમાત્ય અનેક વિદ્વાનો મુક્તકંઠે પ્રશંસા કરે છે. કિંમત રૂા. ૬-૦-૦ લેવામાં આવશે. ( પોસ્ટેજ જુદું )

## શ્રી જૈન આત્માનંદ શતાબ્દિ સિરિઝના છપાતાં ગ્રંથો.

૧ શ્રી ત્રિષષ્ઠિશ્લાકા પુરૂષ ચરિત્ર ( મૂળ દશે પર્વો ) પ્રત તથા બુકાકારે. ( નિર્ણયસાગર પ્રેસમાં )

૨ ધાતુપારાયણ.

૩ શ્રી વૈરાગ્ય કલ્પલતા ( શ્રી યશોવિજયજીકૃત ) પ્રાકૃત વ્યાકરણ દુંઢિકાવૃતિ.

શ્રી ત્રિષષ્ઠિશ્લાકા પુરૂષ ચરિત્ર ( પ્રથમપર્વ ) તૈયાર થઇ ગયું છે. ( બુકાકારે તથા પ્રતાકારે ) બાઇંડીંગ થાય છે. કિંમત રૂા. ૧-૮-૦ ( પોસ્ટેજ જુદું ) બીજા પર્વો તૈયાર થાય છે.


For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ॐ

# શ્રી આત્માનન્દ પ્રકાશ.

सम्यग्दर्शनशुद्धं यो ज्ञानं विरतिमेव चाप्नुवति ।
दुःखनिमित्तमपीदं येन सुलब्धं भवति जन्मः ॥ १ ॥

" સમ્યગ્દર્શનથી વિશુદ્ધ થયેલા જ્ઞાન અને ચારિત્રને જે પ્રાપ્ત કરે છે તે મનુષ્યનો જન્મ દુઃખનિમિત્ત હોવા છતાં સાર્થક-મુક્તિ-ગમન યોગ્ય-થાય છે. "

તત્વાર્થભાષ્ય-શ્રીમદ્ ઉમાસ્વાતિ-વાચક.

पुस्तक ३४ } वीर सं. २४६२. भाद्रपद, आत्म सं. ४१. { अंक २ जो.

## अपराध क्षमा स्तवन.

( વસંતતિલકા )

દીધાં ન કોઇ ભવમાં પ્રભુ ! અન્નદાન,
ભૂલ્યો અનન્ત ભવ આતમ તત્ત્વજ્ઞાન;
આવ્યો શરણ હે પ્રભુજી ! ત્હમારા,
સર્વાપરાધ વિભુ ! માફ કરો હમારા. ૧.

કોઇ સમે જીભવડે જૂઠડું વદાયું,
વિશ્વાસઘાત વનમાંહિ વળી ભમાયું;
દુભ્યા પ્રપંચ કરી દીન જીવો બિચારા,
સર્વાપરાધ પ્રભુ ! માફ કરો હમારા. ૨.

જાણી હશે નહિ ત્રિયા યમદ્વારવારી,
કામાંધ ક્રૂર થઇ કૃત્ય કર્યાં વિકારી;
સેવ્યા નહિ સદ્ગુરૂ કદી માની સારા,
સર્વાપરાધ પ્રભુ ! માફ કરો હમારા. ૩.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આત્મા સમાન જીવ સર્વ નહિં જ જાણ્યા,
ખોટા ખરેખર ઉરે અભિમાન આણ્યા;
જાણ્યાં ન સ્વપ્ન સરખાં સુત ભ્રાત દારા,
સર્વાપરાધ પ્રભુ ! માફ કરો હમારા. ૪.

મદ્યાદિપાન પણ કોઇક જન્મ કીધાં,
સદ્ગ્રંથદાન નહિ કોઇક કાળ દીધા;
દુર્ભક્ષભક્ષ કરી કાળ વહ્યા નઠારા,
સર્વાપરાધ પ્રભુ ! માફ કરો હમારા. ૫.

સેવ્યા ન સજ્જનતણા સુખદ પ્રસંગ,
સેવ્યા અસજ્જન જનો ઉર લાવી રંગ;
કીધા કષાય અભિમાનદશાથી પ્યારા,
સર્વાપરાધ પ્રભુ ! માફ કરો હમારા. ૬.

મોહસ્વરૂપ મધુમાં મધમાખ થઇને,
ચોટયું મલીન મન વારંવાર જઇને;
દેખ્યા જરૂર દુઃખના અતિ કષ્ટભારા,
સર્વાપરાધ પ્રભુ ! માફ કરો હમારા. ૭.

દુષ્કર્મપાશ મુજને દઢ રીત લાગ્યો,
એથી અયોગ્ય પથને નથી નાથ ! ત્યાગ્યો;
પાશપ્રહાર સહુના દુઃખ આપનારા,
સર્વાપરાધ પ્રભુ ! માફ કરો હમારા. ૮.

સંસારજાળ તજી સ્હાય લીધી તમારી,
એ આપદા અખિલ નક્કી જ દ્યો વિદારી;
છો આપ નિર્ભયશિરે કર સ્થાપનારા,
સર્વાપરાધ પ્રભુ ! માફ કરો હમારા. ૯.

આ જીવરૂપ મીન જ્ઞાનસ્વરૂપ વારિ,
વિના બહુ તલફતું પણ તે તમારી;
લઇને થયું **અજિત** જ્ઞાનની શ્રેષ્ઠ ધારા,
સર્વાપરાધ પ્રભુ ! માફ કરો હમારા. ૧૦.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# સમ્યગ્ જ્ઞાનની કુંચી.

## પરમાત્માનું શુદ્ધ સ્વરૂપ.

( જુદા જુદા ધર્મોની દ્રષ્ટિએ )

( ગતાંક પૃષ્ઠ ૧૦ થી શરૂ )

'જ્યોતિ' એ અર્થનો નિદર્શક છે. અલ્લાહ એટલે ઇશ્વર. અલ્લાહ અનાદિ, અનુત્પન્ન ચેતન તત્ત્વ છે.

'God' ( પરમાત્મા ) એ શબ્દનો અર્થ 'મૂર્તિપૂજા કે અધર્મી દેવ' એમ એક કાળે થતો હતો. 'God' શબ્દમાં g, o અને d એ ત્રણ અક્ષરો અનુક્રમે પ્રભુની અનંતતા, સંપૂર્ણતા અને પ્રકાશમયતાના સૂચક છે. 'G' અક્ષરમાં સ્વયંભૂતાનું ભાન પૂર્વકાલીન મહાપુરૂષોને થતું હતું એવો મી. બેઈલીનો મત* છે. God એટલે શાશ્વત, સ્વયંભૂ અને ચૈતન્યવંત પરમ આત્મા એમ કહી શકાય.

પર્શીયન 'ખુદા' ( ખુદ-આ ) શબ્દનો 'સ્વયમેવ આગમનકર્તા' એવો અર્થ થાય છે. ખુદાનું સ્વયંભૂત્વ આથી નિર્દિષ્ટ થાય છે. ખુદાની અનાદિ તરીકે ગણના થાય છે. ખુદા એટલે મૂળ ચૈતન્ય કે જીવન એમ પર્શીયનો માને છે. ભૌતિક દ્રવ્યનું અસ્તિત્વ ચેતનાનાં અસ્તિત્વનું અનુગામી હોવાનો પર્શીયનોનો સ્પષ્ટ મત છે.

'જીહોવાહ' ( જેહવેહ ) એ શબ્દ 'જીવન્ત સત્ય વસ્તુ' નો વાચક છે.+ 'હું છું' એ સંજ્ઞાસૂત્ર ચેતના કે જીવન એટલે 'જીવન્ત સત્ય વસ્તુ' એ ભાવ ઉપર નિર્ભર રહે છે. આ સંજ્ઞાસૂત્ર જૈનોના *ભાવનિક્ષેપનાં એક દૃષ્ટાન્તરૂપ છે.* દેવત્વ ( પરમેશ્વરત્વ ) એ જીવનથી અભેદ્ય ગુણ હોવાથી

---

* 'The Lost Language of Symbolism,' Vol. II. P. 364-365

\+ The Lost Language of Symbolism,' Voe. I P. 302.

* નિક્ષેપના ૪ પ્રકાર નીચે પ્રમાણે છેઃ—

* **નિક્ષેપનું લક્ષણ**—અજ્ઞાન, સંશય, વિપર્યય કે અનધ્યવસાય દૂર કરવાપૂર્વક યથાસ્થાન સંસ્થાપન કરવા માટે શબ્દના અર્થની રચના કરવી તે **નિક્ષેપ** છે. અપ્રસ્તુત અર્થને દૂર કરવારૂપ અને પ્રસ્તુત અર્થને સ્ફૂટ કરવારૂપ ફળવાળા નિક્ષેપના **નામ, સ્થાપના, દ્રવ્ય** અને **ભાવ** એ ચાર પ્રકાર છે. તેના લક્ષણો નીચે મુજબ શાસ્ત્રોમાં કહેલા છે.

**૧ નામ નિક્ષેપનું લક્ષણ**—પર્યાયવડે જેનો નિર્દેશ ન થઈ શકે તેવું અન્ય અર્થમાં રહેલું, મૂળ અર્થથી નિરપેક્ષ, ઇચ્છાનુસાર પાડેલું અને પદાર્થ રહે ત્યાં સુધી રહેલું તે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અને અસ્તિત્વ એ જીવનની વિશિષ્ટતા હોઇને, ઇશ્વર એટલે અસ્તિત્વમાન પરમ આત્મા એવો અર્થ નિષ્પન્ન થાય છે. સર્વ શાસ્ત્રોમાં ઈશ્વરનાં અસ્તિત્વનો સ્વીકાર પ્રાયઃ થાય છે. ઇશ્વર એટલે ચૈતન્ય. ઇશ્વર એટલે જીવનની પ્રતિમૂર્તિ, પારસીઓમાં ઇશ્વરનું એક નામ 'અહમી' છે. અહમી એટલે 'હું છું' એવો અર્થ થાય છે. 'અહમી યત અહમી'* (હું છું તે છું) એ વાક્યથી પરમાત્માનાં સ્વરૂપ ઉપર સુંદર પ્રકાશ પડી શકે છે. ઇશ્વરના અસ્તિત્વ આદિના સંબંધમાં ઇશ્વરવાચક અનેક શબ્દોથી આમ અનેક રીતે આવિષ્કાર થાય છે. ઇશ્વરની વિદ્યમાનતા, મહત્તા આદિનું તેથી સુંદર નિદર્શન થઇ શકે છે.

ખ્રિસ્તી ધર્મની દૃષ્ટિએ વિચારતાં 'હું છું તે છું' એવું પરમાત્માનું સ્વરૂપ જણાય છે. પરમાત્માએ મોઝીઝને પોતાનાં સ્વરૂપનું નિદર્શન એ રીતે જ કર્યું હતું (Exodus, III 147) તે પછી મોઝીઝને ઇઝરાઇલ પ્રદેશમાં પરમાત્મા તરફથી મોકલવામાં આવ્યા હતા. **सोऽहमास्मि**+ એ સૂત્રથી પરમાત્માનાં સ્વરૂપ વિષયક હિન્દુ ધર્મની માન્યતા વ્યક્ત થાય છે. **सोऽहमास्मि** એટલે 'હું તે છું' **अस्मि यदस्मि**† ('હું જે છું તે છું') એ વાક્યથી પણ પરમાત્માનાં સ્વરૂપ સંબંધી હિન્દુ ધર્મનાં મંતવ્યનો યથાર્થ ભાવ આવી શકે છે. જીસસ ક્રાઇસ્ટે આબ્રાહામનાં અસ્તિત્વ પહેલાં પોતાનાં અસ્તિત્વનું સૂચન કરવા નિમિત્તે પોતાનાં જીવનનો નિર્દેશ કરતાં 'હું છું' એ શબ્દો વાપર્યા હતા.

પરમાત્માના આ પ્રમાણે ઘણા ઘણા અર્થો આપણે જોયા. પરમાત્માનાં સ્વરૂપ સંબંધી આપણે જુદાં જુદાં દૃષ્ટિબિંદુઓથી વિચારણા પણ કરી, પણ એ સર્વમાં પરમાત્મા સૃષ્ટિનો કર્તા હોય એવું કોઇ રીતે નિષ્પન્ન નથી થતું.

---

**૨ સ્થાપના નિક્ષેપનું લક્ષણ**—વાસ્તવિક અર્થથી શૂન્ય તેમજ તદ્બુદ્ધિથી તેના જેવા આકાર કે અનાકારરૂપે અન્ય પદાર્થોમાં તેનો આરોપ કરવો તે

**૩ દ્રવ્ય નિક્ષેપનું લક્ષણ**- ભૂત તેમજ ભવિષ્યના કારણને અથવા અત્યારે વિદ્યમાન પરંતુ ભૂત, ભવિષ્યના પરિણામની યોગ્યતા તે.

**૪ ભાવ નિક્ષેપનું લક્ષણ**—વિવક્ષીત ક્રિયાના અનુભવથી યુકત જે જે ક્રિયાથી વિવક્ષાકરવામાં આવે તે તે ક્રિયાના અનુભવ સહિત જે જે હોય તે તે અપેક્ષા તે ભાવનું લક્ષણ.

(ક્રમીટી)

* Isis Unveiled, Vol. II, page 221; Avesta, XVII. 426.

\+ Isavasya upanishad, 16.

† See 'The Fountain-Head of Religion' by Gangaprasad

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# ધાર્મિક ઉદારતા

ગતાંક પૃષ્ઠ ૨૦ થી શરૂ.

## જુદા જુદા જૈનેતર વિદ્વાનોએ રચેલા મહત્વપૂર્ણ ગ્રંથોના નામ લઇ જૈનાચાર્યોએ પોતેજ અને વિદ્વાનોએ કાવ્યો અને સાહિત્ય કૃતિઓ રચેલા છેઃ—

**( ૧ ) વ્યાકરણ—કાતન્ત્ર સૂત્રઃ—**

૧. વર્ધમાનસૂરિકૃત 'કાતંત્રવિસ્તાર.' ૨. સોમકીર્તિસૂરિકૃત 'કાતંત્રપંજિકા' વૃત્તિ.
૩. જિનપ્રભસૂરિકૃત 'કાતંત્ર વિભ્રમ' વૃત્તિ ૪. ચારિત્રસિંહકૃત 'કાતંત્રવિભ્રમાવચૂરિ.
૫. મેરૂતુંગસૂરિકૃત 'બાલાવબોધ' વૃત્તિ. ૬. વિજયનન્દનકૃત 'કાતંત્રતા.'
૭. દુર્ગસિંહકૃત વૃત્તિ. ૮. પૃથ્વીચંદ્રસૂરિકૃત 'દૌર્ગસિંહ' વૃત્તિ.
૯ મુનિશેખરકૃત વૃત્તિ. ૧૦ પ્રબોધમૂર્તિકૃત 'દુર્ગપદપ્રબોધ' વૃત્તિ.
૧૧. મુનિચંદ્રસૂરિકૃત વૃત્તિ. ૧૨. ગૌતમકૃત 'કાતંત્રદીપિકા'
૧૩. વિજયાનંદકૃત 'કાતંત્રોત્તર.'

**( ૨ ) પાણિનિઃ—**૧. રામચંદ્રર્ષિકૃત 'ધાતુપાઠ' ટીકા.

---

કોઈ પરમાત્માએ સૃષ્ટિનું સર્જન કર્યું એ મંતવ્ય બુદ્ધિથી સાવપર લાગે છે. આથી ઘણાયે આધુનિક વિચારકોએ પરમાત્માને સૃષ્ટિના કર્તા તરીકે માનવાનો વિચાર ત્યજી દીધો છે એ સર્વથા યુક્ત છે,

ઘટિકાયંત્ર( ઘડીઆળ )નાં અસ્તિત્વથી તેના કર્તાની વિદ્યમાનતા સિદ્ધ થાય છે. ઘટિકાયંત્રનું દૃષ્ટાન્ત લઈને સૃષ્ટિનો કોઈ કર્તા હોવાનો મત પ્રતિપાદિત કરવા યત્ન સેવવો એ ઇષ્ટ નથી. સૃષ્ટિનો કોઇ કર્તા છે એવા મંતવ્યથી ઇંદ્રિયોથી દ્રશ્ય પ્રમાણોનો પણ અસ્વીકાર થાય છે એ ખાસ સમજવાનું છે. અસત્ય ઉપર જે ધર્મસિદ્ધાન્તો નિર્ભર રહે તે ધર્મસિદ્ધાન્તો સ્વીકારણીય ન થઇ શકે. ધર્મસિદ્ધાન્તોની પ્રતિપત્તિ સત્ય વિના શક્ય નથી. ધર્મ-મંતવ્યોનું વાસ્તવિક પ્રતિપાદન સત્યથી જ કરવું જોઈએ. સત્ય વિના પ્રતિપાદિત થતાં ધર્મ-મંતવ્યો એ ધર્મ નથી પણ અધર્મ છે, એવાં કદાગ્રહયુક્ત ધર્મ—મંતવ્યોને સર્વથા તિલાંજલી આપવી ઘટે છે.

ગયાં પ્રકરણમાં સૃષ્ટિ—ઉત્પતિ અને તેના આનુષંગિક પ્રશ્નો સંબંધી વિચારણા કરવામાં આવી છે. મનુષ્ય જાતિનો કર્તા કોઇ ( પરમાત્મા વિગેરે ) છે કે નહિ એ સંબંધી એમાં નિરૂપણ થયું આથી એ પ્રશ્ન પણ આપણે વિચારવાનો રહે છે. ( ચાલુ )

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



( ૩ ) **સિદ્ધાન્તચન્દ્રિકા:**—૧. સદાનંદકૃત ' સુબોધિની ' ટીકા.
( ૪ ) **મુગ્ધબોધ:**—૧. કુલમંડનકૃત ' મુગ્ધાવબોધ ઉક્તિક.'
( ૫ ) **કાશિકાન્યાસ:**—૧. જિનેંદ્રબુદ્ધિકૃત.
( ૬ ) **કવિ કલ્પદ્રુમ:**—૧. વિજયવિમલકૃત અવચુરિ.
( ૭ ) **સારસ્વત:**—

૧. સહજકીર્તિકૃત વૃત્તિ. ૨. ભાનુચંદ્રકૃત ટીકા. ૩. દયારત્નકૃત વૃત્તિ.
૪. મેઘરત્ન કૃત ' ઢુંઢિકા ' વૃત્તિ. ૫. યતીશકૃત ' સારસ્વતદીપિકા ' વૃત્તિ.
૬. ચંદ્રકીર્તિકૃત વૃત્તિ. ૭. નયસુંદરકૃત ટીકા. ૮. શ્રી૦ મંડનકૃત ' **સારસ્વત-મંડન**' ટીકા.

( ૮ ) **વાક્યપ્રકાશ:**—૧. ઉદયધર્મકૃત ટીકા. ૨. હર્ષકુલકૃત ટીકા ૩. રત્નસૂરિકૃત ટીકા.
( ૯ ) **અનિટ્કારિકા:**—૧. ક્ષમામાણિક્યકૃત અવચૂરિ. ૨. હર્ષકીર્તિકૃત વૃત્તિ.
(૧૦) **શબ્દપ્રભેદ:**—૧. જ્ઞાનવિમલકૃત ' શબ્દભેદપ્રકાશ ' વૃત્તિ (કર્તા મહેશ્વર કવિ )

## અલંકાર.

**વૃત્ત રત્નાકર:**—૧. સોમચંદ્રસૂરિકૃત ટીકા ૨. હર્ષકીર્તિકૃત ટીકા. ૩. સમયસુંદરકૃત ટીકા.
**શ્રુતબોધ:**—૧. હર્ષરાજકૃત ટીકા ૨. હર્ષકીર્તિકૃત ટીકા.
**છન્દશાસ્ત્ર:**—૧. વર્ધમાનસૂરિકૃત ટીકા. ૨. શ્રી ચંદ્રસૂરિકૃત ટીકા. ૩. પદ્મપ્રભસૂરિકૃત ટીકા.
**પગલસાર:**— ૧. વિવેકકીર્તિકૃત ટીકા.
**કાવ્યાલંકાર:**—૧. નમિસાધુકૃત ટીકા.
**કાવ્યપ્રકાશ:**—૧. યશોવિજયકૃત ટીકા. ૨. માણિક્યચંદ્ર ' કાવ્યપ્રકાશસંકેત '
**ગાથાસપ્તશતી:**—૧. ભુવનપાલ કૃત વૃત્તિ.
**વિદગ્ધમુખમંડન:**—૧. શિવચંદ્રકૃત ટીકા. ૨. જિનપ્રભસૂરિકૃત ચૂર્ણિ

## કાવ્ય.

**કાદમ્બરી:**—

૧. સૂરચંદ્રકૃત ટીકા. ૨. મદનમંત્રિકૃત ' કાદંબરીદર્પણ ' ટીકા. ૩. ભાનુચંદ્રકૃત ટીકા ( પૂર્વખંડ ). ૪. સિદ્ધિચંદ્રકૃત ટીકા. ( ઉત્તરખંડ )

**ભટ્ટીકાવ્ય:**—૧. કુમુદાનંદકૃત ' સુબોધિની ' ટીકા.

**રઘુવંશ:**—

૧. ચારિત્રવર્ધનકૃત ' શિશુહિતૈષિણી ' ટીકા. ૨. ધર્મમેરૂકૃત ' સુબોધિની ' ટીકા
૩. સુમતિવિજયકૃત ' સુગમાન્વયા ' ટીકા. ૪. સમુદ્રસૂરિકૃત ટીકા.
૫. રત્નચંદ્રકૃત ટીકા. ૬. વિજયગણિકૃત ટીકા. ૭. સમયસુંદરકૃત ટીકા.
૮. ગુણવિજયકૃત ટીકા.

**કુમારસંભવ:**—

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



૧. વિજયગણિકૃત વૃત્તિ. ૨. લક્ષ્મીવલ્લભકૃત ટીકા. ૩. ચારિત્રવર્ધનકૃત 'શિશુહિતૈષિણી' ટીકા. ૪. મુનિમતિરત્નકૃત 'અવચૂરિ.' ૫. જિનભદ્રસૂરિકૃત 'બાલબોધિની' ટીકા.

**મેઘદૂતઃ—**

૧. ક્ષેમહંસકૃતવૃત્તિ. ૨. મહીમેરૂકૃત 'બાલાવબોધ' ટીકા. ૩. સુમતિવિજયકૃત 'અવચૂરિ' ૪. મેરૂતુંગસૂરિકૃત વૃત્તિ. ૫. મહિમસિંહકૃત ટીકા ૬. આસડકૃત ટીકા.

**નૈષધઃ —**

૧. જિનરાજસૂરિકૃત ટીકા. ૨. શ્રીનાથસૂરિકૃત 'નૈષધપ્રકાશ' ટીકા.
૩. ચારિત્રવર્ધનકૃત ટીકા.

**કિરાતાર્જુનીયઃ**—૧. વિનયસુંદરકૃતવૃત્તિ. ૨. ધર્મવિજયકૃત 'દીપિકા' ટીકા.

**શિશુપાળવધઃ**—૧. વલ્લભદેવકૃત ટીકા. ૨. ચારિત્ર્યવર્ધનકૃત ટીકા.

**નલોદયઃ**—૧. આદિત્યસૂરિકૃત ટીકા.

**વાસવદત્તાઃ—**

૧. સિદ્ધિચંદ્રકૃત વૃત્તિ. ૨. સર્વચંદ્રકૃત વૃત્તિ. ૩. નરસિંહસેનકૃત ટીકા.

**રાઘવપાંડવીયઃ—**

૧ પદ્મનંદીકૃત ટીકા. ૨. પુષ્પદંતકૃત ટીકા. ૩. ચારિત્રવર્ધનકૃત ટીકા.

**ખંડપ્રશસ્તિઃ—**

૧. ગુણવિજયકૃત 'સુબોધિકા' વૃત્તિ. ૨ જયસોમગણિકૃત ટીકા. ૩. વિજયગણિકૃત ટીકા.

**કર્પૂરમંજરીઃ—**

૧. પ્રેમરાજકૃત લઘુટીકા. ૨. રાજશેખરકૃત ટીકા. ૩. ધર્મચંદ્રકૃત ટીકા.

**ભર્તૃહરિ શતકઃ—**

૧. ધનસારસાધુકૃત ટીકા. ૨. જિનસમુદ્રસૂરિકૃત ટીકા. ૩. રૂપચંદ્રકૃત ટબાર્થ.

**અમરૂશતક**—૧. રૂપચંદ્રકૃત ટબાર્થ.

**ષટ્ પંચાશિકાઃ—**

૧. ઉ. મહિમોદયકૃત 'બાલાવબોધ' ટીકા.

**જગદ્ આભરણ કાવ્યઃ**—૧. જ્ઞાનપ્રમોદકૃત ટીકા.

**ઘટકર્પૂરકાવ્ય, વૃન્દાવન કાવ્ય, શિવભદ્ર કાવ્ય, રાક્ષસ કાવ્ય,**
શાંતિસૂરિકૃત ટીકા.

## નાટક.

**અનર્ઘરાઘવઃ—**

૧. જિનહર્ષકૃત વૃત્તિ. ૨. નરચંદ્રકૃત ટીપ્પણ. ૩. દેવપ્રભકૃત 'રહસ્યાદર્શ' ટીકા.

**પ્રબોધચંદ્રોદયઃ—**

૧. રત્નશેખરકૃત વૃત્તિ. ૨. જિનહર્ષકૃત વૃત્તિ. ૩. કામદાસકૃત વૃત્તિ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**રાઘવાભ્યુદય**—૧ રામચંદ્રકૃત ટીકા.
**દમયન્તી ચમ્પુ**—૧. પ્રબોધમાણિકયકૃત ટિપ્પન. ૨. ચંડપાલકૃત ટીકા.
**નલચમ્પુ**—ગુણવિજયગણિકૃત ટીકા.

## ન્યાય

**તર્કભાષા**—શુભવિજયકૃત વાર્તિક.
**તર્કફકિવકા**:—ક્ષમાકલ્યાણકૃત ટીકા
**તર્કરહસ્ય દીપિકા**:—ગુણરત્નસૂરિકૃત.
**ન્યાયાકંદલી**:—
૧. નરચંદ્રસૂરિકૃત ટીકા. ૨. રાજશેખરસૂરિકૃત પંજિકા. ૩. રત્નશેખરસૂરિકૃત ટીકા.
**ન્યાયપ્રવેશ**:—હરિભદ્રસૂરિકૃત ટીકા.
**ન્યાયસાર**—જયસિંહસૂરિકૃત ટીકા.
**ન્યાયાલંકાર**:—અભયતિલકકૃત વૃતિ
**ન્યાયબોધિની**—નેતૃસિંહકૃત ટીકા.
**પાતંજલ યોગદર્શન**:—યશોવિજયકૃત ટીકા.
**યોગમાલા**:—ગુણાકરકૃત લઘુવૃત્તિ.

## જ્યોતિષ.

**જાતક**:—હર્ષવિજયકૃત 'જાતક દીપિકા' વૃત્તિ.
**લઘુજાતક**:—મતિસાગરકૃત 'બાલાવબોધ' વચનિકા.
**તાજિકસાર**—સુમતિહર્ષકૃત વૃત્તિ.
**વસન્તરાજશકુન**:—ભાનુચંદ્રકૃત ટીકા.
**સ્વપ્નસપ્તતિકા**:—સર્વદેવસૂરિકૃત વૃત્તિ.
**મહાવિદ્યા**:—ભુવનસુંદરકૃત વૃત્તિ.
**મંત્રશાસ્ત્ર**:—મલ્લિષેણકૃત ટીકા.
**મંત્રરાજરહસ્ય**:—સિંહતિલકસૂરિકૃત ટીકા.
**યોનિપ્રાભુત**:—હરિષેણકૃત ટીકા.
**યોગરત્નાકર**:—નયશેખરકૃત ટીકા.

---

## વૈદક.

**યોગરત્નમાલા**:—ગુણાકરકૃત ટીકા.
**રસચિંતામણિ**:—અનંતદેવસૂરિકૃત ટીકા.
**વૈદકસારસંગ્રહ**:—હર્ષકીર્તિકૃત ટીકા.
**વૈદ્યક સારોદ્ધાર**:—હર્ષકીર્તિકૃત ટીકા.
**વૈદ્યકવલ્લભ**:—હસ્તિરુચિગણિકૃત ટીકા.
**યોગચિન્તામણિ**:—હર્ષકીર્તિકૃત ટીકા.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# આત્માની શોધમાં

અહા ! એ તે જ સ્થાન જ્યાં સંખ્યાબંધ આત્માઓએ આત્મસાક્ષાત્કાર કર્યો, જ્યાં જબરામાં જબરા પાપીઓ અને અધર્મીઓ, સાચા હૃદયના પશ્ચાતાપથી તપ અને અનશનરૂપ મહા ઔષધિના યોગે કર્મરૂપ દારૂણ વ્યાધિને જડમૂળથી કહાડી શકયા. આ સ્થાનના દર્શનથી આવા કંઈક વિચારો જેના અંતરમાં ઉભરાઇ રહ્યાં છે એવો એક પ્રૌઢ પુરુષ, ગિરિરાજના પગથિયા ચઢતો એક સુંદર વિસામા સમિપ આવી ચઢ્યો.

વિસામો સુપ્રસિધ્ધ હતો. પૂર્વે એ સમિપે આવેલ કુંડનું પાણી યાત્રાળુઓ રોગ નિવારણ કરનારૂં ગણી શ્રધ્ધાથી પીતા. આજે પણ પીવાય છે છતાં જે કુંડની અંદર કચરા–કાદવના થર બંધાઈ રહ્યાં હોય અને કુદરતી ઝરણના આગમન માટે એકાદ માર્ગ પણ ઉઘાડો ન હોય ત્યાં એની રોગ–નિવારણતા કેટલા પ્રમાણમાં શકય ગણાય એ એક વિચારણીય પ્રશ્ન રહે છે.

પ્રૌઢ પુરુષે ચાલુ માર્ગથી જરા દૂર જઇ જ્યાં વિશ્રાન્તિ લેવાની તૈયારી કરી ન કરી ત્યાં તો દાદાના (આદીશ્વર પ્રભુના) દર્શન કરી પાછા ફરેલાં એક યોગી મહાત્માને આવતાં અને નજીકના વૃક્ષ પાસેની શિલાને રજોહરણથી પ્રમાર્જીને આસન પાથરતાં જોયા. મનમાં પ્રથમ પ્રશ્ન એ જ ઉઠ્યો કે—આ યોગી આટલા જલ્દીથી પાછા કેમ ફર્યા હશે ? યાત્રાળુઓ તો હજુ અર્ધો માર્ગ પણ વટાવી નથી રહ્યાં ! ત્યાં આ તો ઉપર જઇને પાછા ફર્યા છે ? સવારમાં આવશ્યક ક્રિયા કરવી, સૂર્યોદય થયા પછી ચાલવું અને

---

**જવરાષ્ટકઃ**—મલ્લદેવકૃત ટીકા.
**સન્નિપાત-કલિકા**—હેમનિધાનકૃત ટીકા.
**લક્ષણસંગ્રહ:**—રત્નશેખરકૃત ટીકા.

---

### ભાષા.

**વિહારી-સતસઇઃ**—સમરથ કવિકૃત ટીકા.
**રસિકપ્રિયા:**—કુશલધીરકૃત 'રસિક–પ્રિયા વિવરણ.'
**પૃથ્વીરાજ બેલી:**—

૧. કવિસારંગ કૃત સંસ્કૃત ટીકા. ૨. કુશલધીરકૃત ટીકા. ૩. શિવનિધાનકૃત ટીકા.
૪. શ્રી સારકૃત ટીકા. ૫. જયકીર્તિકૃત ટીકા. ૬. રાજસેમકૃત ટીકા.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આટલા જલ્દીથી પાછા ફરવું એમાં જરૂર વિલક્ષણતા ! કયાંતો ઠેઠ ઉપર જતાં જ ન હોય, અથવા તો ચાલવાની ગતિ અતિ તેજ હોય તોજ આ વાત સંભવી શકે ! આમ મનરૂપી માંકડુ કયાં ભ્રમણ કર્યા કરત અને યોગીશ્વર આનંદઘનજીએ સત્તરમા પ્રભુના સ્તવનમાં એની જે કથની કથી–**સાપ ખાયને મુખડું થોથુ**–એ ઉપમા આપી છે એ યથાર્થ નીવડત. ત્યાં તો આસન પર બેસતાં સંતનો નાદ કાને પડ્યો–કેમ ભાઇ! ઉપર નથી જવું ? મોડું કરશો તો તાપ લાગશે. તરતજ પ્રૌઢ મનુષ્યે પાસે જઇ, મુનિશ્રીને વંદન કર્યું અને પછી જણાવ્યું કે ઉપર તો જવું છે પણ હીંગલાજનો હડો ચઢતાં જે થાક લાગ્યો છે તે જરા ઉતારવા બેઠો છું; પણ આપને જોતાં મને જે શંકા ઉદ્‌ભવી છે તે રજુ કરૂં છું.

આપ કેટલા વાગે ચઢ્યા છો ? અગર આપ ઠેઠ ઉપર જઇને આવ્યા કે અધવચથી પાછા ફરી અત્રે બેસો છો ?

મહાનુભાવ, રાઈ પ્રતિક્રમણ કરી રહેતાં અજવાળું થાય છે એટલે હું નીકળી પડું છું. નીચું જોઈ એક ધારૂં ચાલતાં ટળાટી આવું છું, સ્થંડિલ જવું હોય તો તે કાર્ય કર્યા બાદ તીર્થાધિરાજના પગથીઆ ચઢતો આગળ વધું છું. મનમાં નવકારમંત્રનુ સ્મરણ અને અવનત મસ્તકે ઉપર ચઢવું એ સિવાય મારૂં ધ્યાન બીજે નથી હોતું. એ જ સ્થિતિમાં શ્રી યુગાદિ પ્રભુના મંદિરમાં પહોંચું છું. ભાવપૂજનમાં થોડો સમય ગાળી, ત્યાંથી બીજા અમુક દેવાલયોમાં જઇ પાછો ફરૂ છું ને સીધેધો અહીં આવી અટકું છું. આ મારો દૈનિક ક્રમ. તો પછી આટલા જલ્દી અહીં આવી આપ શું કરો છો ? દાદાના દરબારમાં ભાવના માટે જગ્યાની સંકડાશ જેવું તો નથી; વળી આપ સરખા ત્યાગીને અન્ય જંજાળોનું જુથ નથી વળગ્યું હોતું, તો પછી ત્યાંથી એકદમ આટલા જલ્દી પાછા ફરવાનું અને આવી ઉઘાડી જગ્યામાં બેસવાનું શું પ્રયોજન ? મહાનુભાવ, એનો જવાબ જરા લાંબો છે. વળી પોતાને કઇ સ્થિતિ માફક છે અને કઈ નથી એની પસંદગી કરવાને દરેક વ્યક્તિ સ્વતંત્ર છે. અલબત્ત, જે કાર્ય માટે એ અનુકુળતાની પસંદગી થાય છે ને તેથી કામ સરે છે કે નહીં એ જોવાની જરૂર ખરી. બાકી હું શું કરૂં છું એના ઉત્તરમાં જણાવું તો તે એજ કે—હું અત્રે બેસી આત્માની શોધ કરૂં છું.

આત્માની શોધ સાંભળતાં જ પ્રૌઢ વ્યક્તિથી હસી પડાયું, અને જ્યારે મુનિશ્રીના ચહેરામાં એ હાસ્યથી રંચ માત્ર ફેરફાર ન જોયો ત્યારે નમ્રતા આણી પૂછ્યું કે—સાહેબ, આપમાં, મારામાં અને સામે જઇ રહેલાં યાત્રાળુ-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# જૈન દર્શનની દૃષ્ટિએ મનનું સ્વરૂપ.

જૈન દર્શનમાં મનને નોઈન્દ્રિય શબ્દથી સંબોધવામાં આવે છે કારણ કે તે પણ સ્પર્શનેન્દ્રિયાદિની પેઠે જ્ઞાનનું સાધન છે એથી એ પણ ઇન્દ્રિય ગણાય, પરંતુ રૂપાદિ વિષયોમાં પ્રવૃત થવા માટે તેને નેત્રાદિ ઇન્દ્રિયોનો આધાર લેવો પડે છે. આ પરાધીનતાને લઇને તેને નોઇંદ્રિય કહેવામાં આવે છે. મનના દ્રવ્યમન તથા ભાવમનરૂપ બે ભેદો છે. મનઃ એ છ પર્યાપ્તિમાંહેની એક હોવાથી તે પર્યાપ્તિરૂપ કરણનાં પુદ્ગલો કે જે આત્માના સર્વ પ્રદેશોમાં વર્તનારા છે તેને પણ અપેક્ષાએ દ્રવ્યમન કહેવામાં આવે છે. અયોગીને દ્રવ્યમન જે કહેવામાં આવે છે તેમને વર્ગણારૂપ નહિ પરંતુ મન-પર્યાપ્તિરૂપ સંભવે છે.

આપણે મનનું સ્થાન જ્યારે સંપૂર્ણ શરીર માનીએ છીએ ત્યારે દિગંબરો દ્રવ્યમનને આઠ પાંખડીવાળા કમળના જેવા આકારવાળા-હૃદયમાં રહેલું માને છે. શરીરના જુદા જુદા સ્થાનોમાં રહેનારી ઇંદ્રિયોદ્વારા ગ્રહણ

---

ઓમાં, વીસામા પરની પાણીવાળી બાઇમાં અને આ વૃક્ષ પરના કબુતરમાં આત્મા છે એમ તીર્થંકર પ્રભુઓ કહી ગયા છે અને આપ ઉપદેશમાં આજે પણ સમજાવો છો, જીવવિચાર ને નવ તત્ત્વમાં એ વાત દલીલપૂર્વક કહેવામાં આવી છે; છતાં આપ એની શોધ કરો છો, એ આશ્ચર્યની વાત નહિં તો બીજું શું ?

અજાયબી તો ખરી જ, પણ મહાનુભાવ મારી જોડે ધીરજથી બેસે તો એ સમજાય. ઉતાવળમાં ગળે ઉતરે એવી આ વાત નથી. હું પણ સારી રીતે જાણું છું કે જેનામાં ચૈતન્ય છે તે સર્વ જીવ છે અને જીવ એટલે આત્મા એવો અર્થ પણ થાય છે. આમ છતાં આત્માની શોધ ઉભીજ રહે છે, તો પછી સાહેબ, કાલે કેટલા વાગે હાજર થઇ જવુ ? નવ વાગતાં આ જ સ્થાને.

જ્યાં પ્રૌઢ મનુષ્યે ઉઠી ચઢવાનું શરૂ કર્યું ત્યાં અવાજ આવ્યો કે-ભાઈ ત્હારૂં નામ ?

મારૂં નામ વિનયચંદ્ર.

(ચાલુ)

ચોકસી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કરતા સમસ્ત વિષયોમાં મનની ગતિ થાય છે તેથી તે શરીરમાં સર્વત્ર વર્તમાન છે એમજ માનવું પડે. સમગ્ર રીતે બાહ્ય અભ્યંતર શરીરવ્યાપિ સ્પર્શનેન્દ્રિયથી સર્વ પ્રદેશે સ્પર્શજ્ઞાન થતું હોવાથી તેને આત્માના સર્વ પ્રદેશવ્યાપિ માનવું યોગ્ય છે.

**મનનો વિષયઃ**—શ્રુત છે. મનથી મતિ અને શ્રુત બંને જ્ઞાનો થાય છે પરંતુ મતિ કરતાં શ્રુતની મુખ્યતા હોવાથી તેનો નિર્દેશ કરાય છે. સ્પર્શનાદિ પાંચ ઇન્દ્રિયોથી ફક્ત મતિજ્ઞાન થાય છે અને એ બાહ્ય ઇન્દ્રિયો કેવળ મૂર્ત્ત પદાર્થોના ઉપર પ્રકાશ પાડે છે અને તે અંશથી જ્યારે જ્ઞાનના આંતરિક સાધનરૂપ અને તેથી કરીને અંતઃકરણ નામથી પણ ઓળખાતું તેમજ નેત્રની પેઠે અપ્રાપ્યકારી એવું મન મૂર્ત્ત તેમજ અમૂર્ત્ત ઉભયના જાતના પદાર્થો ઉપર અને તે પણ તેના અનેક પર્યાયો ઉપર પ્રકાશ પાડે છે. જણાવવામાં આવે છે કે મનને કંઇ અગમ્ય નથી, કેમકે જ્યાં મન જાય છે ત્યાં આત્મા પણ જાય છે. આત્મા મન સાથે જાય છે, મન ઇંદ્રિય સાથે જાય છે અને ઇન્દ્રિય પોતાના વિષય સાથે જાય છે. આ ક્રમ ઘણો જ ઉતાવળો છે. સ્પર્શનેંદ્રિયાદિની જેમ મનનો વિષય મર્યાદિત નથી. મનનું કાર્ય વિચાર કરવાનું છે. ઇન્દ્રિયોદ્વારા ગ્રહણ કરાયેલા તેમજ નહિ કરાયેલા વિષયોમાં વિકાસ–યોગ્યતા પ્રમાણે તે વિચાર કરી શકે છે. આ વિચાર તેજ શ્રુત છે.

મનદ્વારા પહેલુંવહેલું જે સામાન્યરૂપે વસ્તુનું ગ્રહણ થાય છે અને જેમાં શબ્દ–અર્થના સંબંધનો, આગળ-પાછળના અનુસંધાનનો અને વિકલ્પરૂપ વિશેષતાનો અભાવ છે તે મતિજ્ઞાન છે, તેની પછી ઉત્પન્ન થનારો અને ઉપર્યુક્ત વિશેષતાથી અંકિત વિચાર-પ્રવાહ તે શ્રુત જ્ઞાન છે. કહેવાનું એ છે જે મનદ્વારા ઉત્પન્ન થએલ જ્ઞાન-વ્યાપારની ધારામાં પ્રાથમિક અલ્પ અંશ મતિજ્ઞાન છે અને પછીનો અધિક અંશ શ્રુત જ્ઞાન છે. આ પ્રમાણે મન જો કે બંને પ્રકારના જ્ઞાનનું સાધન છે છતાં તેમાં સ્પષ્ટ અને વિશેષગ્રાહી એવા શ્રુતજ્ઞાનની મુખ્યતાને લક્ષીને મનના વિષય તરીકે શ્રુતજ્ઞાન કહેવાયેલું છે.

સંપાદક.

V

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# સુભાષિત પદ સંગ્રહ

સં. શાંતમૂર્તિ શ્રી કર્પૂરવિજયજી મહારાજ.

**પર્વપ્રશંસા**—ચતુર્દશી, અષ્ટમી, અમાવાસ્યા અને પૂર્ણિમા તેમજ રવિસંક્રાન્તિ એ પર્વ દિવસો કહ્યા છે. પ્રથમની ચાર પર્વતિથિઓ તો ચારિત્ર-આરાધનની તિથિઓ તરીકે જૈન દર્શનમાં સુપ્રસિદ્ધ છે. એ પર્વતિથિઓમાં ઈચ્છાનિરોધ તપ કરનારા આત્માર્થી મુમુક્ષુજનો અધિક લાભ બાંધે છે, તેથી વિપરીત સ્વચ્છંદે ચાલનારા ઉક્ત પર્વની વિરાધના કરવાથી ઉભય લોકમાં હાનિ પામે છે, એ વાત યાદ રાખવી.

**'મૂર્ખતાની નિશાની'—શઠતાવડે ધર્મ, કપટવડે મિત્ર, પરોપતાપવડે સમૃદ્ધિ, વગર મહેનતે વિદ્યા** અને **કઠોર વચનાદિક વર્તનવડે** નારીની વાંછના કરનારાઓને પ્રગટપણે મૂર્ખ જ લેખવા.

**'ખરો શુરવીર કોણ?'** ઇન્દ્રિયાદિક ચોરટાઓથી પોતાનું આત્મ-**ધન** સુરક્ષિત રાખી શકે છે. ગફલતથી કે પ્રમાદથી લુંટાવા દેતો નથી.

**'રક્ષક શત્રુ કેવી રીતે બને છે?'**—કરજ કરતો પિતા શત્રુ, વ્યભિચારિણી માતા શત્રુ, લજ્જા-મર્યાદા વગરની રૂપવંતી નારી શત્રુ, તેમજ મૂર્ખ-અભણ પુત્ર શત્રુરૂપ બને છે, એ વાત સહુએ યાદ રાખવી.

**'જનનીને ભારભૂત કોણ?'**—જે પૂર્વજોની કુળ-કીર્તિને પુન્યને વધારે નહીં (પણ ઘટાડે) તેવા માતાને કલેશકારી પુત્રવડે શું?

**'આગમની આવશ્યકતા'**—ભારે પાખંડી જનોથી વ્યાપ્ત અને સાક્ષાત્ જિનેશ્વરના વિરહવાળા, કેવળજ્ઞાન વગરના આ કલિકાળમાં જો વીતરાગ પ્રભુએ પ્રરૂપેલા આગમનો આધાર અહીં ન હોત તો ભવ્યજનોને વસ્તુતત્ત્વનો બોધ શી રીતે થઈ શકત?

**'તીર્થ પ્રશંસા'**—અન્ય સ્થાને (અન્ય ક્ષેત્રે) કરેલું પાપ ધર્મસ્થાને (તીર્થક્ષેત્ર) સમુચિત તપ, જપ, વ્રત, નિયમાદિક સાધનોવડે છૂટી શકે છે, પરંતુ ધર્મસ્થાને (તીર્થક્ષેત્રે) મોહવશ બનીને કરેલું પાપ વજ્રલેપ જેવું બને છે તે કોઈ રીતે છૂટી શકતું નથી એમ સમજી **ધર્મસ્થાનકે તીર્થક્ષેત્રની સેવાનો** લાભ લેવા ઇચ્છનારા ભાઇ-બ્હેનોએ **અધિક સાવધાનતા** રાખવી ઘટે છે.

**'ગુણીના સંગથી ગુણ થાય છે'**—ગુણની કદર કરનાર **ગુણીને પામી ગુણો ગુણરૂપ અને નિર્ગુણીને પામી તે ગુણો દોષરૂપ થાય છે. જુઓ**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



મિષ્ટ જલવાળી નદીઓ, ખારા સમુદ્રને પામી ( ભળી ), ખારી બની જાય છે. પછી તેનું જળ પીવા લાયક જ રહેતું નથી.

'**વિષયાશક્તિથી થતી હાની**'—સંસારપાશમાં ફસાઈ રહેવાનું, નરકમાં લાંબો વખત વિવિધ દુઃખ સહવાં, સજ્જનોમાં હાંસી, ધર્મ–પુન્યનો નાશ, પરતું દાસપણું કરવાની જરૂર અને અપજશનો વિસ્તાર એવી આપત્તિઓ વિષયાસક્તિથી જીવોને આવી પડે છે તેથી જ સુવિવેકી જનો તેવી વિષયાસક્તિ તજી સુખી થાય છે.

'**દુઃખની અવધિ**'—બાળવયમાં બાળકોને માતાનો વિયોગ ( મરણ ) યૌવનવયમાં ભાર્યાનો વિયોગ-મરણ અને વૃદ્ધ અવસ્થાવંતને પુત્રનો વિયોગ–મરણ થવા જેવું ભારે દુઃખ બીજું નથી.

'**વકાર પ્રવીણ કોણ ?**'—વ્યાપાર, શાસ્ત્ર, વાદ, વિજ્ઞાન, વિનય અને વ્રત એ છ વકારમાં બુદ્ધિમાન પ્રવીણ બને છે.

'**લઘુતા ત્યાં પ્રભુતા**'—નમે તે પ્રભુને ગમે. એક વેંત નમે તો બીજો હાથ નમે. વિનય–નમ્રતા યોગે કાર્ય સરલ સિદ્ધિ થવા પામે છે.

'**અઢારે પુરાણોનો સાર**'—અઢારે પુરાણોમાં સારરૂપ વ્યાસજીનાં બે વચન ખાસ ધ્યાન ખેંચે છે. મુમુક્ષુઓને ખાસ બોધ લેવા લાયક છે. પરોપકાર પુન્ય માટે અને પરપીડા પાપને માટે થાય છે.

'**નરક સમું રાજ્ય કયું ?**'—જેમાં જુલમને લીધે રહેવા મન વધે નહીં, જ્યાં પ્રિય ( ઇષ્ટ ) પ્રાપ્તિ થવા પામે નહીં તથા જ્યાં વસતાં સદા પરાધીનતા ભોગવવી પડે તે રાજ્યને નરક સમું તજવા યોગ્ય કહ્યું છે.

'**સ્વભાવ ભેદ**'—જો કે એક તળાવમાં સર્પ તથા ગૌ પાણી પીએ છે, છતાં તે જ જળ સર્પમાં ઝેરપણે અને ગૌમાં દૂધપણે પરિણમે છે.

'**ભાર્યા કેવી હોવી જોઇએ ?**'—જુદા જુદા કાર્યપ્રસંગે સલાહકાર **મંત્રી** સમી, નિયમિત કામ કરવામાં સાવધાન **દાસી** સમી, ભોજનાદિ સામગ્રી પ્રેમપૂર્વક પીરસવામાં **માતા** સમી, શય્યાદિક સામગ્રી પૂરી પાડવા **રંભા** સમી, પોતાના પ્રિય પતિની પ્રસન્નતા કહો કે અનુકૂળતા જાળવનારી અને ક્ષમાવડે પૃથ્વી સમી સહનશીલા–એ છ ગુણવાળી ભાર્યા કુળનો ઉદ્ધાર કરી શકે છે.

'**આવી નારી પુન્યયોગે પ્રાપ્ત થઇ શકે**'—સતી ( એક પતિવ્રતા ), સુરૂપા–સુશીલા, સહુને વ્હાલી લાગે તેવી, વિનયવંતી, પતિને મનગમતી, સરલ સ્વભાવી, તેમજ સદાચાર વિચારમાં સદા કુશળ એવી સુગુણા સ્ત્રી માણસોને પુન્યયોગે પ્રાપ્ત થઈ શકે છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**'જીવદયા–પ્રશંસા'**—જીવદયા ધર્મનું મૂળ છે. જ્યાં (જેમાં) જીવદયા નથી તેનું શ્રુત પાતાલમાં પેસી જાવ, ચતુરાઇ વિલય પામો અને બીજા બીજા ગુણો અલોપ થાવ! જીવદયાવડે જ તે બધા સાર્થક છે.

**'પાપની અધિકતાથી'**—સાધુ, સ્ત્રી, બાલ અને વૃદ્ધોની કોઈ વડે સતામણી કરવાથી અને તીર્થોને ઉલ્લંઘી અનાદરથી જવાના કારણે ચાલતું વિમાન અટકી સ્થિર થઈ જાય છે. તાત્પર્ય કે પૂર્વોક્ત સાધુ–સંત વિગેરેને કોઈ રીતે પીડા ઉપજાવવી નહીં તેમજ તીર્થની પવિત્ર ભૂમિને અનાદરથી ઉલ્લંઘીને ચાલ્યા જવું નહીં, પણ તેમની બનતી સેવા કરવી.

**'નારીસંગથી થતા દોષ'**—નારીને તાકી તાકી જોવાથી ચિત્ત ચોરાય છે, સ્પર્શ કરતાં બળહાનિ થાય છે અને સંગમ કરતાં વીર્યહાનિ થાય છે.

**'ભાગ્યપ્રશંસા'**—સર્વત્ર ભાગ્ય ફળે છે. વિદ્યા અને પુરૂષાર્થ ફળતાં નથી જુઓ! સમુદ્ર–મંથનથી હરિ લક્ષ્મીને અને હર–મહાદેવ વિષને પામ્યા.

**'કર્મની પ્રધાનતા'**—કૃતકર્મોનું જ પ્રધાનપણું છે ત્યાં શુભ ગ્રહો શું કરે? રાજ્યાભિષેક માટે વશિષ્ઠે લગ્ન જોઇ દીધા છતાં રામને વનવાસ સેવવો પડયો.

**'શ્રાવકની વ્યાખ્યા'**—જીવાજીવાદિક તત્ત્વાર્થ ચિન્તવનથી જે ખરી શ્રદ્ધા ધારણ કરે છે, સઠેકાણે ધનનો કાયમ સદ્વ્યય કરે છે, અને સુસંત સાધુની સેવાથી પાપને દૂર કરે છે તેવા સુકૃતિ જનોને અદ્યાપિ શ્રાવક નામથી શીઘ્ર સંબોધવામાં આવે છે.

**'કામ–નિંદા'**—કામ કામીજનોને નરકમાં લઈ જવા દૂત સમો, અનેક કષ્ટોનો સાગર, આપદા-લત્તાનું મૂળ અને પાપ વૃક્ષને પોષનાર છે. ગૃહસ્થને ધર્મ, અર્થ અને મોક્ષ ગૃહ સમાન આદર પાત્ર છતાં તેમાં પ્રવેશ પામીને કામ ઉંદરની પેરે તેને ખણી–ખોદી કાઢે છે.

**'અધર્મ–નિંદા'**—ચક્રવર્ત્તી જેવા પણ અધર્મ-અન્યાય યોગે નીચ યોનીમાં અવતરે છે. ઉત્તમ કુળમાં જન્મ પામ્યા છતાં ધર્મ–સંબલ વગર જીવ જન્માંતરમાં દુઃખે પેટ ભરી શકે છે. ધર્મહીન બ્રાહ્મણ પણ નિત્યે પાપાનુબંધ કરતો, બિલાડાની જેવી નીચ વૃત્તિ સેવતો છેવટે મ્લેચ્છ યોનિઓમાં જઇ અવતાર લે છે. ધર્મ સેવનવર્જિત જીવને બિલાડાદિક નીચ યોનિઓમાં અનેક વખત અવતાર લેવા પડે છે. તેમજ ધર્મહીન જીવે વિષ્ટાદિકમાં કૃમિઆપણે વારંવાર અવતરે છે, ત્યાં તેમને કુકડાદિક ચાંચ અને પાંખવતી તાડન કરતા રહે છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



‘ **પાપ કર્મનાં પ્રત્યક્ષ ફળ** ’—જળચર, સ્થલચર અને ખેચરોના ભવોમાં પ્રત્યક્ષ અનેક પ્રકારનાં મરણાંત કષ્ટો અનુભવાતાં જોવાય છે, છતાં જીવને તેથી ત્રાસ–વૈરાગ્ય કેમ પેદા થતો નથી ?

‘ **વિશ્વાસઘાત** ’—વિશ્વાસે રહેલાને ઠગવામાં શી ચતુરાઇ ? ખોળામાં બેસી સૂતેલાને હણનારની શી મર્દાનગી લેખાય ?

‘ **મિત્રદ્રોહી** ’—બ્રહ્મઘાતક ( કદાચ ) પાપથી યોગ્ય પ્રાયશ્ચિતયોગે મૂકાય પણ મિત્ર કે ગુરૂદ્રોહી પાપથી મુક્ત થઇ ન શકે.

‘ **નરકગામી** ’—મિત્ર ( કે ગુરૂ ) દ્રોહી, કૃતઘ્ની, ચોરી કરનાર અને વિશ્વાસઘાતક એ ચારેને કાયમ નરકગામી કહ્યા છે.

‘ **દાનમહિમા** ’—જો કલ્યાણને ઇચ્છતો હો તો સુપાત્રોમાં દાન દે. ગૃહસ્થ દાનવડે શુદ્ધ થાય છે, પાપથી હળવો થાય છે.

‘ **કેવું શકુન ફળે ?** ’—જેવું અકસ્માત્ થયેલું શકુન ફળે તેવું બુદ્ધિપૂર્વક યોજેલ શકુન ફળદાયક નીવડે નહીં.

‘ **દેવગુરૂના પસાયે** ’—મનની વાત પણ જાણી શકાય છે.

‘ **વિપત્તિનાં મૂળ** ’—દુર્જનો, વિષ, વિષયભોગ અને સર્પાદિકને સેવ્યા છતાં તેઓ ઉવલેણ નીવડે છે. **તૃષ્ણા** જેવો કોઇ મોટો **વ્યાધિ** અને **સંતોષ** સમું કોઇ **સુખ** નથી. અતિ ઉગ્ર પુન્ય પાપનાં ફળ અહીં આ જન્મમાં જ મળે છે. પ્રાયે ભાગ્યહીન જયાં જાય છે ત્યાં કંઇ ને કંઇ આપત્તિ આવી પડે છે.

‘ **કાયા પામ્યાની શોભા–સફળતા શાથી ?** ’—કાન શાસ્ત્રશ્રવણ કરવાવડે જ, કુંડળ ધારવાવડે **નહીં**; હાથ દાનવડે પણ કંકણ પહેરવા વડે નહીં; અને કરૂણાવંતની કાયા પરોપકારોવડે શોભા–સાર્થકતા પામે છે પણ ચંદનાદિકના વિલેપન કરવા માત્રથી શોભા પામતી નથી.

‘ **પરગૃહપ્રવેશ** ’—ખાસ કારણ વગર જે મૂઢ જનો પરઘેર જાય તે કૃષ્ણપક્ષમાં ચંદ્રની પેરે અવશ્ય લઘુતા પામે છે.

‘ **શાસ્ત્રશિક્ષાહીન** ’—આળસુ, મંદબુદ્ધિ, સુખશીલ તથા વ્યાધિગ્રસ્ત, નિદ્રાળુ અને વિષયલંપટ એ છ જણો શાસ્ત્રશિક્ષાહીન રહે છે.

‘ **સમાનતા સાથે ઇર્ષ્યા–અદેખાઇ બહુ બૂરી છે** ’—રાજા રાજાને જોઇને, વૈદ વૈદને દેખીને, નટ નટને જોઇને અને ભિક્ષુક ભિક્ષુકને દેખી શ્વાનની પેરે એક બીજા ઇર્ષ્યા-અદેખાઇ ધારણ કરે છે

‘ **કોના માટે કયું ધન સારૂં છે ?** ’—બ્રાહ્મણોનું ધન વિદ્યા, ક્ષત્રિયોનું ધન ધનુષ્ય-શસ્ત્ર, ઋષિ–મુનિઓનું ધન સત્ય, અને સ્ત્રીઓનું **ધન** યૌવન લેખાય છે. ( તે પણ તેનો વિવેકપૂર્વક ઉપયોગ કરવા વડે )

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# મારવાડ યાત્રા

લે૦ મુનિ૦ શ્રી ન્યાયવિજયજી.

( ગતાંક ૧૨ પૃષ્ઠ ૩૦૮ થી શરૂ )

## પિંડવાડા—

પીંડવાડામાં જૈનોની વસ્તી સારા પ્રમાણમાં છે, પરન્તુ ઘણો ભાગ વ્યાપારી હોવાથી વિદેશમાં વસે છે. ઓસવાલ અને પોરવાલ જૈનો છે. અહીં પણ આપસમાં મતભેદ, કુસુંપ, ઈર્ષ્યા, કલરહ પૂરેપૂરાં છે. સાધુઓ ઓછા પ્રમાણમાં આવે છે અને સારા સાધુઓ ટકતા નથી; તેમજ અહીંની પ્રજાને એટલી તમાયે નથી કે સાધુ–સાધ્વીઓને રોકે. એ ભાઈઓ તો સાફ કહે છે કે, આપને એમ લાગે કે આ ક્ષેત્રનો ઉદ્ધાર કરવો છે તો રોકાઓ, ઉપાશ્રયનાં દ્વાર ખુલ્લાં છે, અમે તો આવીએ કે ન આવીએ એ અમારી મુનસફીની વાત છે. વ્યાખ્યાન સાંભળવાની પણ ફુરસદ ન મળે. તેમાંયે એક પક્ષ આવે તો બીજો પક્ષ ઉપાશ્રયમાં પગે ન મૂકે. શું શાસનની છિન્નભિન્ન દશા થઇ છે કાંઇ ? અહીં બાવન જિનાલયનું મંદિર છે પણ પૂજા કરવાની ફુરસદ ગણ્યાગાંઠ્યા ભાઇઓને મળે છે.

---

'**મહાદેવ**'—સંકલેશ પેદા કરનારો રાગ અને શમ–ઇન્ધનને બાળનારો, કોઇપણ પ્રાણી ઉપર દ્વેષ તથા સત્ય જ્ઞાનને આચ્છાદન કરનારો અને અશુદ્ધ આચરણ ઉપજાવનારો મોહ જેનો સર્વથા નષ્ટ થયેલ છે તેથી ત્રણ લોકમાં જેનો મહિમા પ્રસર્યો છે તેને જ **મહાદેવ** કહેલ છે. દોષ માત્રના નાશથી જેમનામાં અનંત ગુણરાશિ પ્રગટ થયેલી છે એવા વીતરાગ, સર્વજ્ઞ, શાશ્વત સુખના સ્વામી, કિલષ્ટ કર્મ–કલંક રહિત ( કર્મમુક્ત થયેલા ) તથા સર્વથા દુઃખ–બંધન વગરના હોવાથી સર્વ દેવોને પૂજનિક, સર્વ યોગીજનોને ધ્યાવા યોગ્ય અને સર્વ નીતિના સર્જનહાર સતા તે **મહાદેવ** તરીકે વખણાય છે. તેમણે પ્રકાશેલ શાસ્ત્ર સર્વ ( ત્રિકોટિ ) દોષ રહિત હોય છે. તેમને સેવવા–આરાધવાનો ઉપાય સદા ય તેમની આજ્ઞાનું યથાશક્તિ પાલન કરવારૂપ હોઇ, તે નિશ્ચે મોક્ષ–મહાફળને આપનારૂં છે. સારા–કુશળ વૈદ્યદેશિત ઉપચારથી જેમ વ્યાધિનો સર્વથા નાશ થાય છે તેમ ઉક્ત મહાદેવદેશિત અત્યંત હિતકારી પ્રવચનને અનુસરવાથી નિશ્ચે સંસારપરિભ્રમણનો અંત આવે છે. એવા શાન્ત, કૃતકૃત્ય અને સર્વદા મહાદેવ–વીતરાગ પરમાત્માને સાચી ભક્તિથી સદાય નમસ્કાર હો ! નમસ્કાર હો ! ! અપૂર્ણ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



મેં ઉપર જણાવ્યું તેમ સુન્દર બાવન જિનાલયનું મંદિર છે, પરન્તુ વચમાં દેરીઓ ખાલી છે. પ્રદક્ષિણામાં પાછળના ભાગમાં વચ્ચે જ એક મંદિર છે. એમાં જિનવરેન્દ્રની સુંદર પ્રતિમાઓ છે. તેમાંયે ધાતુની પ્રતિમાઓ તો પ્રાચીનકાલીન છે. એ પ્રતિમાઓ વસન્તગઢના કિલ્લામાંથી હમણાં નીકળેલી છે. દૂરથી જોતાં એ પ્રતિમાઓ બૌદ્ધ પ્રતિમા હોય એમ ક્ષણભર ભ્રમ થાય છે, પરન્તુ વાસ્તવિક રીત્યાનિરીક્ષણ કરતાં સાફ જણાય છે કે આ જિનવરેન્દ્રની જ પ્રતિમા છે. એ પ્રતિમાની રચના ખાસ લક્ષ્ય ખેંચે તેવી છે. પ્રાચીન કાલમાં વિવિધ પ્રકારે જિનવરેન્દ્રની પ્રતિમાઓની રચના થતી, એ આ ઉપરથી બરાબર સાબિત થાય છે.

ત્યાંની કેટલીએક ધાતુની મૂર્તિઓના લેખ વાંચવા અમે અને સ્વર્ગસ્થ બાબૂ પુરણચંદ્રજી નહારજીએ મળી પ્રયત્ન કરેલો પરન્તુ મહામુશ્કેલીએ થોડા લેખો વંચાયા.

( ૧ ) વિ. સં. ૧૧૫૧ ની એક સુન્દર ચોવીશી છે.

( २ ) चंद्रकुले धनपालसुत सढ जननी हुल्लायि॰। धर्माय म....पार्श्वनाथ સંવત નથી વાંચતો પરંતુ અનુમાનથી અગિયારમી બારમી શતાબ્દિની પ્રતિમાજી છે.

( ३ ) सं. ११०२ श्रीमन्नाणकीय गच्छे. वीरेण कारिता.

( ४ ) ९ ॥ ॐ ॥ ११४२ श्रीमन्नाणकीय गच्छे पार्मलिसुतेन वीर श्रावकेण धर्मार्थं कारिता.

આવી રીતે ચાર પ્રતિમાઓના લેખ મુશ્કેલીથી વંચાયા.

આ લેખોમાં **નાણકીય** ગચ્છ ખાસ ધ્યાન ખેંચે છે. આ ગચ્છ કેટલો પ્રાચીન છે એ એ ગચ્છના પ્રાચીન લેખોથી જણાઇ આવે છે. બારમી શતાબ્દિના પ્રારંભથી એ ગચ્છના આચાર્યોની પ્રતિષ્ઠિત મૂર્તિઓ મળે છે. **અજારીના** જૈન મંદિરમાં પણ **નાણકીય ગચ્છના** આચાર્ય **મહેન્દ્રસૂરિ** અને **શાન્તિસૂરિની** પ્રતિમા છે. તેમજ પાટણના ભેંસપતવાડના ગૌતમસ્વામીના મંદિરમાં મૂલ પ્રતિમા જે છે તે પણ નાણકીય ગચ્છના આચાર્યશ્રી **સિદ્ધસેનસૂરિની** છે, અને દેસુરિના[1] મંદિરમાં પણ નાણકીય ગચ્છના આચાર્યપ્રતિષ્ઠિત જિન પ્રતિમાઓ છે. અજારીમાં તો ઘણી પ્રતિમાઓ નાણકીય ગચ્છના આચાર્યપ્રતિષ્ઠિત છે.[1] અર્થાત્ એક સમયમાં અહીં નાણકીય ગચ્છના આચા-

૧ વિદ્વાન્ સાક્ષર જિનવિજયજી સંપાદિત પ્રાચીન લેખસંગ્રહ ભાગ બીજો પૃ. ૩૩૮ અને ૨૮૭

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ચોનો વિહાર અને પ્રભાવ બહુ જબ્બર પ્રમાણમાં હશે એમ લાગે છે.

નાણકીય ગચ્છની ઉત્પત્તિ અહીં નજીકમાં રહેલ ગામ નાણાથી થઇ છે. એક સમય એ હતો કે નાણા સમૃદ્ધિશાળી શહેર હતું અને ત્યાં જૈનોની સંખ્યા વિપુલ પ્રમાણમાં હતી.

પિંડવાડાના બાવન જિનાલયના મંદિરના મૂલ ગભારામાં બે ઊભી ધાતુની પ્રતિમાઓ છે. એની રચના અનુપમ અને અદ્ભુત છે. તેમાં યે વસ્ત્રની રચના તો કમાલ છે, અને તેમાં ડાબા પગની ઘુંટણીએ વસ્ત્રની જે ગડ પાડી છે તેમાં તો હદ કરી છે. જાણે બારીક વસ્ત્ર ઓઢાડયું હોય એવું સુંદર કોતરકામ–રચના કરી છે. નીચે લેખ છે પણ ઘસાઈ ગયેલ છે. પ્રાચીન લીપીમાં લેખ છે.

અમારી સાથેના એક મુનિજીના પગમાં કાંટો વાગવાના કારણે અમારે અહીં વધારે દિવસ રોકાવું પડયું તે દરમિયાન એકવાર સવારમાં અમારી ત્રિપુટી પીંડવાડાથી ૩॥–૪ કોશ દૂર નાંદીયા અને ત્યાંથી ૨॥–૩ કોશ દૂર બામણવાડાની યાત્રા કરવા નીકળી.

**નાદીયા—**

**नाणा दीयाणा ने नांदीया श्रीजीवि तस्वामि वांदिया.**

નાણા, દીયાણા અને નાંદીયામાં જીવિતસ્વામિ–વીરપ્રભુની પ્રતિમા છે. ટૂંકા જંગલી રસ્તે ભોમિયાની સાથે અમે જતા હતા. દૂર દૂરથી પહાડીઓ દેખાય છે અને ગામ આ આવ્યું; આ આવ્યું થાય છે. ગામમાં જતાં પહેલાં પ્રથમ નદીકિનારે એક સુન્દર જિનમંદિર છે પણ અમારા દુર્ભાગ્યે મંદિર હતું બંધ. પૂજારી રહે ગામમાં અને ગામથી એક માઇલ દૂર આ મંદિર છે. ઘણી વાર ઘણા યે યાત્રીઓ અહીં આવી નિરાશ થઇ પાછા વળે છે. અમે પણ નિરાશ થઈ ગામમાં ચાલ્યા. સીદ્ધા ગામની બહાર સામે નીકળી ગયા. ત્યાં પહાડીની નીચે સુંદર વિશાલ જિનમંદિર છે. એવી એકાન્ત રમ્ય અને મનોહર ભૂમિ છે કે ઘડીભર ત્યાં બેસી ધ્યાન ધરવાનું મન થાય. ચોતરફ પહાડી અને વચમાં આ મંદિર છે.

અહીં પરમ શાંતરસમાં મગ્ન પદ્માસનસ્થ, પાપહર, દુઃખહર શ્રી જીવિતસ્વામિજીની પ્રતિમાજીનાં દર્શન કર્યાં. અમારો થાક ઉતરી ગયો. ખરેખર પ્રતિમાજી બહુ જ ભવ્ય અને મનોહર છે. આવી બેનમૂન બીજી ભવ્ય મનોહર પ્રતિમાજી આટલામાં બીજી નથી એમ મને લાગે છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જેમ પ્રતિમાજી ભવ્ય છે તેમ એનું પરિકર પણ એવું જ કલાપૂર્ણ, વિશાલ અને ભવ્ય છે. બે બાજુ બે વિશાલ ઈન્દ્ર એના ઐશ્વર્યને જિન-ચરણે ધરતા દેખાય છે અને પ્રભુજીનું સિંહાસન ખરેખર સિંહનું જ બનાવેલું છે. બન્ને બાજુ મૃગરાજ–સિંહ કોરેલા છે. તેની ઉપર એક બાજુ ઘોડો અને સિંહ મૂકયા છે. ઉપરની રચના પણ સુંદર અને કલામય છે. આગળના સમયમાં ધર્મભક્ત શ્રીમાનો જિનમંદિરો બનાવતા, અઢળક દ્રવ્ય ખર્ચતા પરન્તુ એનું ખાસ લક્ષ્ય રાખતા કે પ્રતિમાજી સુન્દરમાં સુન્દર અને ભવ્ય બને, તેમજ મંદિરમાં પણ કલામય દર્શનીય વિવિધ આકૃતિઓ, ઉપદેશપૂર્ણ બોધમય જીવનવૃત્તાંતો જીવંતરૂપે રજૂ કરવામાં એ દ્રવ્ય-વ્યય થતો. આજે એ દ્રવ્ય સંગ્રહમાં જ રહે છે. લોન લેવાય મિલોમાં રહે અને એ દ્રવ્ય માટે મમત્વ વધતાં ઝઘડા પણ થાય એના કરતાં વ્યવસ્થા-પકો એ દ્રવ્ય જીર્ણોદ્ધારમાં અથવા તો પોતાના ગામના મંદિરોને કલામય. આકર્ષક અને ભવ્ય બનાવવામાં એનો ઉપયોગ કરે તો કેવું સારૂં ? હું નાંદીયાના આ નાનકડા પણ ભવ્ય મંદિરનાં–જિનપ્રતિમાનાં દર્શન કરવાની દરેકને ભલામણ કરૂં છું.

બહાર ગભારામાં બે બાજુ બે પ્રાચીન પ્રતિમાઓ છે. બન્નેની નીચે ગાદી–આસનમાં યક્ષ–યક્ષિણી વીણાધારી બેઠા છે. કમળની આકૃતિનું સુન્દર આસન છે. ઘડીભર શાન્તિથી બેસીને નિરીક્ષણ કરવાનું મન થાય એવી સુન્દર કલા, શાન્તિ અને ભવ્યતા ભર્યાં છે. પ્રતિમાજીની નીચે પાટલીમાં, ખરોષ્ટ્રી લીપીમાં ( અશોકના શિલાલેખોને મળતી જ લીપી છે. ) લેખ કોતરેલા છે, પણ અમારાથી એ લેખો વાંચી શકાયા નહિં કિન્તુ આ પ્રતિમાઓ મૌર્ય સામ્રાજ્યના સમયની છે એમ તો બરાબર લાગે છે.

મંદિરજીની બહારના ઓટલા ઉપરથી બહારની કુદરત, નિરવ શાંતિ અને દિલને અસર કરે એવી ભવ્યતા જોવા જેવી છે. ત્યાંથી ગામ તરફ આવતાં મંદિરજીની નજીકમાં જ ચંડકૌશિક નાગ શ્રી વીર પરમાત્માને ડસે છે, એની સુન્દર આકૃતિ છે, જેમાં વીર પ્રભુનો પગ છે અને સાપ ડસે છે એમ બતાવ્યું છે. આ પ્રદેશમાં શ્રી વીર પ્રભુજી પધાર્યા હતા અને ઉપસર્ગ થયો હતો એમ કહેવાય છે, પરન્તુ મારા નમ્ર મત પ્રમાણે આ સ્થાપના તીર્થ છે પણ એ અર્વાચીન–કાલીન નથી. પ્રાચીન કાલથી આ તીર્થ સ્થપાયેલું છે. મૂલ મન્દિરના મૌર્યકાલીન લેખો એના પ્રમાણ માટે બસ છે. ખરેખર તીર્થને યોગ્ય પવિત્ર વાતાવરણ આ ભૂમિમાં ઠાંસી ઠાંસીને ભર્યું છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ત્યાંથી ગામના જિનમંદિરનાં દર્શન કરી અમે એને એ જ વખતે બામણવાડજી જવા નીકળ્યા.

**બામણવાડજી--**

અહીં ભવ્ય પ્રાચીન બાવન જિનાલયનું જિનમંદિર છે. મૂળનાયક પ્રભુજીની પ્રતિમા અતિ ભવ્ય અને મનોહર છે. પ્રદક્ષિણામાં ફરતાં ઊંચા માણસોએ બહુ ખ્યાલ રાખવાની જરૂર છે. પ્રદક્ષિણામાં થાંભલા બહુ નીચા છે અને દેરીઓનાં દ્વાર પણ નીચાં જ છે. નીચા નમ્યા સિવાય પ્રભુજીનાં દર્શન થાય તેમ નથી. મારવાડી પદ્ધતિએ કાચ અને રંગનો ખૂબ ઉપયોગ થયેલો છે. હમણાં જ જીર્ણોદ્ધાર થયો છે. નીચે ઉતરતાં બન્ને બાજુ પહાડ આદિનાં દૃશ્યો જોવા લાયક છે અને તદ્દન મંદિરની બહાર બરાબર સામે જ એક કાળો ઊંચો હાથી ઊભો છે. જાણે હાથીના સ્વરૂપે વનદેવતા મંદિરનું રક્ષણ કરવા આવીને ઊભો હોય એમ મદોન્મત્ત ગજરાજ દેખાય છે.

અહીં વ્યવસ્થાપકોની દેખરેખનો અભાવ છે.: મિથ્યાત્વી દેવ-દેવીઓને પૂજારીઓ ઘુસાડે છે અને પાછળથી પરિણામ જૈન સંઘને ભોગવવું પડે છે. વ્યવસ્થાપકો સવેળા જાગી વ્યવસ્થા સુધારે; નહિં તો યાદ રાખજો કે બીજું ચારૂપ ન બને.

અહીં ધર્મશાળા બહુ વિશાળ છે. યાત્રીઓને દરેક જાતની સગવડ મળે છે. ફાગણ શુદિ ૧૧-૧૨-૧૩ નો જૈનેતરોનો મોટો મેળો ભરાય છે. આજુબાજુથી સેંકડો, હજારો ભિલ, મિયાણા આદિ આવે છે. અનેક વ્યાપારીઓ પણ વ્યાપાર કરવા આવે છે. સ્ટેટ પણ આવક વધારવા સારી સહાયતા કરે છે.

અહીં એક સુન્દર જૈન ગુરૂકુળ ચાલતું હતું પણ સમાજના આપસના ક્લેશ, કલહ અને ઈર્ષ્યાનું ભોગ બની, અત્યારે ગુરુકુલ સમાધિમાં લીન થઈ ગયું છે. અહીં પહાડી ઉપર આબુના પ્રસિદ્ધ યોગીરાજ શ્રી શાન્તિસૂરિજીની ગુફા-સુંદર ત્રણ માળનું વિશાળ મકાન છે. અંદર ધ્યાનનું ભોંયરૂ પણ છે. ગુરૂકુળ તેમના પ્રયત્નથી જ શરૂ થયું હતું. હવે બંધ થઈ ગયું છે. પુનઃ પ્રયત્ન કરી જ્ઞાનમંદિર-જ્ઞાનપરબ સ્થાપવાની જરૂર છે. અહીં ધનની કમી નથી માત્ર વ્યવસ્થાની જ કમી છે. આપસના કુસુંપ, કલેશ, ઈર્ષા મીટાવી એક થઇ કામ થાય તો અત્યારે ગુરૂકુળ ચાલે. અહીંથી પુનઃ સાંજે પીંડવાડા પહોંચ્યા.

—( ચાલુ )

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# સ્વીકાર અને સમાલોચના

**૧ અશોકના શિલાલેખો ઉપર દૃષ્ટિપાત**–લેખક આચાર્ય શ્રી **વિજયેન્દ્રસૂરિ મહારાજ.** ડૉ. ત્રિભુવનદાસ લહેરચંદ પાસેથી મળેલા Inscriptions of Ashoka અને સંપ્રતિ મહારાજના શિલાલેખો કિંવા પદચ્યુત સમ્રાટ અશોકના લેખ ઉપરથી લેખક મહાપુરૂષે અનેક ગ્રંથોના આધાર અને પોતે જ જૈન ઇતિહાસના પ્રખર વિદ્વાન અને સંશોધક હોવાથી પોતાના અનુભવથી આ લઘુ ગ્રંથ અનેક પ્રમાણો આપી લખ્યો છે. ઇતિહાસ માટે ગમે તે માણસ ગમે તેવો અભિપ્રાય આપી ન જ શકે, પરંતુ તેનો બ્હોળો અભ્યાસ, શહાદતો, શાસ્ત્રીય અનેક પ્રમાણોથી જ તે વસ્તુ સિદ્ધ થઇ શકે. આચાર્ય મહારાજે તેવા જ યથાયોગ્ય પ્રમાણો આપી અશોકના શિલાલેખો માટે આ ગ્રંથમાં લખ્યું છે. એઓશ્રીના આવા ઐતિહાસિક લેખો સત્ય અને પ્રમાણભૂત જ હોય છે. કિંમત ચાર આના યોગ્ય છે. પ્રકાશક **શ્રીયશોવિજયજી જૈન ગ્રંથમાળા–ભાવનગર.**

---

**૨ પંચકલ્યાણક પૂજા** ( શ્રી પાર્શ્વપ્રભુની )—રચયિતા મુનિરાજ **શ્રી દર્શનવિજયજી** મહારાજ. મેરઠ જીલ્લાના આસપાસના ગામોમાં પલ્લીવાલ, અગ્રવાલ ભાઇઓને ઉપદેશદ્વારા જૈન બનાવતાં તેઓની વિનંતિથી હિંદી ભાષામાં આ લઘુ પૂજા તેઓના ઉપકાર નિમિત્તે પ્રભુ–ભક્તિ માટે રચવામાં આવેલ છે. રચના સરલ અને સુંદર છે. પ્રકાશક જયંતીલાલ છોટાલાલ શાહ–અમદાવાદ. કિંમત એક આનો.

---

**૩ જૈનત્વ–દિગંબર જૈન માસિકની ૨૯ મા વર્ષની ભેટ તરીકે** પોતાની સ્વર્ગસ્થ પત્ની સવિતાબાઇના સ્મારક ગ્રંથમાળાનો છઠ્ઠો નંબર તે માસિકના અધિપતિ મૂળચંદ કિસનદાસ કાપડિઆએ પ્રગટ કરેલ છે. લેખક રમણીકલાલ વિમળશી શાહ.

---

**૪ યુગપ્રધાન શ્રી જિનચંદ્રસૂરિ**–લેખક **અગરચંદ નાહટા તથા ભંવરલાલ નાહટા**—કિંમત એક રૂપીયો. પ્રકાશક **શંકરદાન** શુભૈરાજ નાહટા નં. ૫–૬ આરમીયન સ્ટ્રીટ–કલકત્તા. આ ચરિત્ર હિંદી ભાષામાં લેખકે લખેલ છે. શ્રીમાન્ જિનચંદ્રસૂરિ મહારાજા શ્રીમાન્ હીરવિજયજીસૂરિ મહારાજાના સમકાલીન હતા અને શહેનશાહ અકબરને પ્રતિબોધ કરવા અને જીવદયા પળાવવા માટે પણ શહેનશાહને ઉપદેશ આપી, તે કાર્યને અમલમાં મુકાવતા. શ્રી જિનચંદ્રસુરિ મહારાજ ભલે ખરતરગચ્છના આચાર્ય હોવા છતાં શાસનપ્રભાવક, સંયમી, મહાન આચાર્ય હતા એમ ચરિત્ર ઉપરથી ફલિત થાય છે. ભલે સામાચારી ભેદ ગચ્છોમાં હોય–છતાં સંયમ, પ્રભાવકપણું, વિદ્વત્તા જૈન સમાજ ઉપર ઉપકાર કરનાર મહાપુરૂષની મહાન તરીકે ગણના થયા વગર રહેતી નથી. આચાર્ય મહા-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



રાજનું જ્ઞાન જેમ પ્રખર હતું તેમ તેઓશ્રીનો સમુદાય પણ વિશાળ અને તેમાં પણ વિદ્વાન શિષ્યોપણ હતા તેમ જણાય છે. આવા મહાન પુરૂષોના ચરિત્રો વાંચવાથી તે સમયના જૈન દર્શનની ગૌરવતા, વિશાળતા, સાહિત્ય ગ્રંથોનો ઉદ્‌ભવ અને જૈન ઇતિહાસ ઉપર ઘણો પ્રકાશ પડે છે. વાચક પોતાની બુદ્ધિ પ્રમાણે બોધપાઠ વગેરેનો ગ્રાહક પણ બની શકે છે. મહાન પુરૂષોના ચરિત્રો આકર્ષક શૈલીથી પ્રકટ થવાની આવશ્યકતા અમો જોઇએ છીએ.

૫ **શ્રી મહેંદ્ર જૈન પંચાંગ**—વીર સંવત ૨૪૬૩, વિક્રમ સંવત ૧૯૯૩ શકે ૧૮૫૮–૫૯, ઇસ્વીસન ૧૯૩૬–૩૭ કર્તા **મુનિરાજ શ્રી વિકાશવિજયજી મહારાજ.** પૂજ્યપાદ આચાર્યશ્રી વિજયવલ્લભસૂરિજી મહારાજના શિષ્યરત્ન મુનિરાજશ્રી વિકાશવિજયજીએ આ પંચાંગ જૈન સમાજના ઉપકાર–શ્રેય માટે દૈનિક સ્પષ્ટ ગ્રહો સહિત અને સૂક્ષ્મ ગણિતપૂર્વકનું અથાગ પરિશ્રમ સેવી તૈયાર કર્યું છે. યોજક મહારાજશ્રીનો બે વર્ષથી આ પ્રયત્ન શુભ આવકારદાયક છે અને જૈન તેમજ જૈનેતર વિદ્વાન જ્યોતિષોના તેની સત્યતા માટે ઉચ્ચ અભિપ્રાયો પણ તેને માટે મળ્યા છે. જૈન દર્શનના સાહિત્યમાં અનેક આચાર્યોએ જ્યોતિષ સંબંધી ( આગમો ઉપરાંત ) ગ્રંથો લખ્યા છે. આ જાતનું સાહિત્ય હજી જેટલું જોઇએ તેટલું પ્રગટ થયું નથી છતાં આવું એક સૂક્ષ્મ ગણિતનું પંચાંગ જ્યોતિષના અભ્યાસી મુનિરાજ શ્રી વિકાશવિજયજી મહા૦ ના શુભ પ્રયત્નથી પ્રકટ થવું શરૂ થયું તે જૈન સમાજ માટે ( પ્રતિષ્ઠા, દીક્ષા, વગેરે ધાર્મિક કાર્યો માટે, ખાસ ગણત્રીવાળા પંચાંગની આવશ્યકતા જે હતી તે આ પંચાંગના દર વર્ષે પ્રકાશનથી તે જરૂરીયાત મહારાજશ્રીએ પૂરી પાડી છે. મહારાજશ્રીને અમારી વિનંતિ કે જ્યોતિષના અભ્યાસમાં આપ આગળ વધી આ પંચાંગમાં કંઇ અપૂર્ણતા દેખાય કે કોઇ જ્યોતિર્વિદ બતાવે તો તે માટે આધારપૂર્વક ચર્ચા કરી આ પંચાંગને વધારે આવશ્યક, પૂર્ણ અને સત્યની કસોટીએ ચડાવી તૈયાર કરવું; સાથે જૈન વિદ્વાન પુરૂષોએ જ્યોતિષના જે ગ્રંથો લખ્યા છે તેને છાપામાં તૈયાર કરી પ્રકટ થાય અને જૈન સમાજ તેનો લાભ વિશેષ લે, જ્યોતિષ સાહિત્ય વિશેષ પ્રગટ થાય, અન્ય દર્શન તેની પ્રશંસા કરે તેમ પ્રગટ થવા પરિશ્રમ લેવા કૃપા કરવી. કિંમત બે આના. પ્રકાશક અમૃતલાલ કેવળદાસ મહેતા B. E. S. L. D.—નાગજી ભુદરની પોળ, અમદાવાદ

૬ **શ્રી ગિરનારજી જીર્ણોદ્ધારનો**—સં. ૧૯૮૯ થી ૧૯૯૧ સુધીનો છઠ્ઠો રીપોર્ટ. આચાર્ય મહારાજ શ્રી વિજયનીતિસૂરિજી મહારાજના ઉપદેશથી શુમારે પાંચ લાખ રૂપીયા આ પવિત્ર તીર્થ ઉપર જીર્ણોદ્ધાર માટે ખરચ વ્યવસ્થિત રીતે કરવામાં આવ્યો છે. હજી તેમજ કરે છે. ખરેખરી જરૂરીયાત તાત્કાલિક ઉભી થઇ તે વખતનો આ શુભ ઉપદેશ પ્રયત્ન શરૂ થયો છે. પારેખ ડાયાલાલ હકમચંદ ભાવિક બંધુના પ્રયત્ન અને લાગણીથી જ આ જોઇએ તેવી રીતે સમારકામની શરૂઆત થઇ તેમ અમારા જાણવામાં આવેલ છે. નાણા આપનાર પુણ્ય બાંધે છે પરંતુ જાતિ દેખરેખ રાખનાર ( સેવાભાવથી ) વિશેષ પુણ્ય બાંધે છે. તેના કાર્યવાહકો શ્રી ડાયાભાઇ તથા દોસી લવચંદ બાવચંદ વગે-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



રેની દેખરેખ પણ પ્રશંસનીય છે. નાણાંની સલામતી સાથે યોગ્ય વ્યય થાય છે તે રિપોર્ટ ઉપરથી જણાય છે. પ્રકાશકોએ બાકી રહેલા જીર્ણોદ્ધાર સમાર કામ માટે પૈસાની કરેલી માંગણીનો સ્વીકાર જૈન સમાજ બંધુઓએ જલદી ઉપાડી લઇ તે માટે તેમને જોઈતાં નાણાં આપી, આ પરમપવિત્ર તીર્થનું સંપૂર્ણ ઉદ્ધાર-સમારકામ હવે જલદી થઇ જાય તેમ વિનંતિ કરીએ છીએ.

## શેઠ પ્રેમચંદ રતનજીનો સ્વર્ગવાસ.

માત્ર ત્રણ દિવસની બિમારી ભોગવી, પચાશ વર્ષની ઉમરે આ માસની શુદ ૪ શનિવારના રોજ બંધુ શ્રી પ્રેમચંદભાઇ તેમના જૂના નિવાસ વાળુકડ ગામે પંચત્વ પામ્યા છે. શ્રી પ્રેમચંદ ભાઇ શ્રદ્ધાળુ, ધર્મનિષ્ઠ, સરલહૃદયી, મિલનસાર અને તેમના પિતા શેઠ રતનજીભાઇના પગલે ચાલનાર હતા. તેમના પિતાના સ્વર્ગવાસ પછી શારીરિક સ્થિતિ જોઇએ તેવી સારી ન રહેવાથી માત્ર નિવૃત્તિ અને આશાએસ લેવા તેમજ શાંતિ ભોગવવા માટે વાલુકડ કાયમ માટે રહેવા જતાં ગ્રામ્ય જીવન શાંત રીતે ભોગવતા હતા, છતાં પણ ધાર્મિક શ્રદ્ધા પણ તેવી જ રહી હતી. દેહાંત સુધી તંદુરસ્તી બરાબર રહી જ નહિં અને ભાવિભાવ બળવાન હોવાથી આયુષ્ય પૂર્ણ થતાં સ્વર્ગવાસ થયો છે. આખી જિંદગી સરલ, શાંતિમય શ્રદ્ધાળુ જીવન જીવ્યા હતા. તેમના પિતાના આરંભેલા કાર્યોમાં યાત્રાળુઓને રાહત નિમિત્તે શીહોર ધર્મશાળા, કેળવણીના ઉત્તેજનાર્થે જૈન બોર્ડીંગ, વાલુકડ જિનાલયની સંભાળ વગેરે કાર્યોમાં યથાશક્તિ પ્રવૃત્તિ ચાલુ રાખેલી હતી. તેમના સ્વર્ગવાસથી તેમની જ્ઞાતિને અને જૈન સંઘમાં અને આ સભાના સુમારે પચીશ વર્ષથી સભાસદ હોવાથી આ સભાને એક લાયક જૈન નરરત્નની ખોટ પડી છે. પોતાની પાછળ મુકી ગયેલા બે સ્ત્રીઓ, બે પુત્રીઓ અને એક ચાર વર્ષનો પુત્રને દિલાસો દેવા સાથે શ્રી પ્રેમચંદભાઇના પવિત્ર આત્માને અખંડ શાંતિ પ્રાપ્ત થાઓ તેમ પરમાત્માની પ્રાર્થના કરીએ છીએ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી વીશ સ્થાનક તપ પૂજા ( અર્થ સાથે. )

## ( વિસ્તારપૂર્વક વિવેચન તથા મંડળ સહિત. )

વિસ્તારપૂર્વક વિધિ વિધાન, નોટ, ચૈત્યવંદન, સ્તવનો, મંડળ વગેરે અને સાદી સરલ ગુજરાતી ભાષામાં અર્થ સહિત અમોએ પ્રકટ કરેલ છે. વીશ સ્થાનક તપ એ તીર્થંકરનામકર્મ ઉપાર્જન કરાવનાર મહાન તપ છે. તેનું આરાધન કરનાર બ્હેન તથા બંધુઓ માટે આ ગ્રંથ અતિ મહત્વનો અને ઉપયોગી છે. શ્રી વીશ સ્થાનક તપનું મંડળ છે તેમ કોઇ અત્યાર સુધી જાણતું પણ નહોતું, છતાં અમોએ ઘણી જ શોધખોળ કરી, પ્રાચીન ઘણી જ જૂની તાડપત્રની પ્રત ઉપરથી મોટો ખર્ચ કરી, ફોટો બ્લોક કરાવી તે મંડળ પણ છપાવી આ બુકમાં દાખલ કરેલ છે. આ એક અમૂલ્ય ( મંડળ ) નવીન વસ્તુ જિનાલય, ઉપાશ્રય, જ્ઞાનભંડાર, લાઇબ્રેરી અને ઘરમાં રાખી પ્રાતઃ-કાળમાં દર્શન કરવા લાયક સુંદર ચીજ છે.

ઉંચા કાગળો ઉપર સુંદર ગુજરાતી ટાઈપમાં છપાવી સુશોભિત બાઇડીંગથી અલંકૃત કરવામાં આવેલ છે છતાં કિંમત બાર આના માત્ર રાખવામાં આવેલી છે. પોસ્ટેજ જુદું.

## શ્રી તીર્થંકર ચરિત્ર ( ભાષાંતર )

### શ્રી અમરચંદ્રસૂરિકૃત મૂળ ગ્રંથનું શુદ્ધ અને સરલ ભાષાંતર.

### ( છપાય છે )

આ ગ્રંથ જેમાં ચોવીશ તીર્થંકર ભગવાનના ઘણા સંક્ષિપ્તમાં ચરિત્રો આપવામાં આવેલ છે. આટલા ટુંકા, અતિ મનોહર અને બાળજીવો સર-લતાથી જલદીથી કંઠાગ્ર પણ કરી શકે તેવા સાદા, સરલ સુંદર ચરિત્રો આ ગ્રંથમાં છે. જૈન પાઠશાળા, કન્યાશાળા, જૈન વિદ્યાલયમાં ઐતિહાસિક શિક્ષણ તરીકે ચલાવી શકાય તેવું છે, **મદદની જરૂર છે. આર્થિક મહાય આપનારની ઇચ્છા મુજબ અલ્પ કિંમતથી કે વિના મૂલ્ય સભાના ધારા પ્રમાણે ભેટ પણ આપી શકાશે.**

## શ્રી સ્તોત્રસંદોહઃ—

નિરંતર પ્રાતઃકાળમાં સ્મરણીય, નિર્વિઘ્નપણું પ્રાપ્ત કરાવનાર, નિત્ય પાઠ કરવા લાયક નવસ્મરણો સાથે બીજા પ્રાચીન ચમત્કારિક પૂર્વાચાર્યકૃત દશ સ્તોત્ર, મળી કુલ ૧૯ સ્તોત્રો, તથા રત્નાકર પચ્ચીશી, અને બે યંત્રો વિગેરેનો સંગ્રહ આ ગ્રંથમાં આવેલ છે. ઉંચા કાગળો, જૈની સુંદર અક્ષરોથી નિર્ણયસાગર પ્રેસમાં છપાએલી, સુશોભિત બાઇંડીંગ અને શ્રી મહાવીરસ્વામી તથા ગાતમસ્વામી બે પૂજ્યપાદ ગુરૂ મહારાજાઓની સુંદર રંગીન છબીઓ પણ ભક્તિનિમિત્તે સાથે આપવામાં આવેલ છે, આટલો મોટો સ્તોત્રોનો સંગ્રહ, અને આટલી છબીઓ અને સુંદરતા છતાં સર્વ કોઇ લાભ લઇ શકે જે માટે મુદ્દલથી પણ ઓછી કિંમત માત્ર રૂા. ૦–૪–૦ ચાર આના. (પોસ્ટેજ જુદું) રાખેલ છે. ( નિત્ય સ્મરણ કરવા લાયક હોવાથી ) લાભ લેવા જેવું છે.

લખોઃ—

**શ્રી. જૈન આત્માનંદ સભા—ભાવનગર.**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

Reg. No. B. 431.

## અમારૂં પ્રકાશન ખાતું.

### છપાયેલા ગ્રંથો. ( મૂળ. )

| | |
|---|---|
| ૧ શ્રી વસુદેવહિંડિ પ્રથમ ભાગ-પ્રથમ અંશ. | રૂા. ૩-૮-૦ |
| ૨ શ્રી વસુદેવહિંડિ પ્રથમ ભાગ-દ્વિતીય અંશ. | રૂા ૩-૮-૦ |
| ૩ શ્રી બૃહતકલ્પસૂત્ર પ્રથમ ભાગ. | રૂા. ૪-૦-૦ |
| ૪ શ્રી બૃહત્કલ્પસૂત્ર બીજો ભાગ. | રૂા. ૬-૦-૦ |
| ૫ શ્રી દેવેન્દ્રસૂરિરચિત ટીકા ચાર કર્મગ્રંથ ( શુદ્ધ ) | રૂા. ૨-૦-૦ |
| ૬ પ્રાચીન ચાર કર્મગ્રંથ. | રૂા. ૨-૮-૦ |

### છપાતાં ગ્રંથો.

૭ શ્રી વસુદેવહિંડિ ત્રીજો ભાગ. ૮ પાંચમો છઠ્ઠો કર્મગ્રંથ.
૯ શ્રી ગુણચંદ્રસૂરિકૃત શ્રી મહાવીર ચરિત્ર. ભાષાંતર

### ગુજરાતી ગ્રંથો.

૧ શ્રી સામાયિક સૂત્ર, મૂળ ભાવાર્થ વિશેષાર્થ સહિત. રૂા. ૦-૨-૬
૨ શ્રી દેવસિરાઈ પ્રતિક્રમણ ,, ,, રૂા. ૦-૧૦-૦
૩ શ્રી પંચપ્રતિક્રમણ સૂત્ર ,, ,, ગુજરાતી તથા શાસ્ત્રી બંને અક્ષરોવાળા ( શ્રી જૈન એજ્યુકેશનબોર્ડે જૈન પાઠશાળાઓ માટે મંજુર કરેલ ). રૂા. ૧-૪-૦ રૂા. ૧-૧૨-૦.
૪ શ્રી શત્રુંજય તીર્થનો પંદરમો ઉદ્ધાર અને સમરસિંહ. રૂા. ૦-૨-૦
૫ શ્રી શત્રુંજય તીર્થ વર્તમાન ઉદ્ધાર અને કર્માશાહ. રૂા ૦-૪-૦

### અર્ધી કિંમતે.

શ્રી આત્માનંદ જન્મ શતાબ્દિના શુભ પ્રસંગે સં. ૧૯૯૨ ના ચૈત્ર શુદી ૧ થી બાર માસ માટે શ્રી આત્મારામજી મહારાજકૃત નીચેના પુસ્તકો અર્ધી કિંમતે આપવામાં આવશે ( સીલીકમાં હશે ત્યાં સુધી ).

| | મૂળ કિંમત. | અર્ધી કિંમત. |
|---|---|---|
| તત્ત્વનિર્ણયપ્રાસાદ. | ૧૦-૦-૦ | ૫-૦-૦ |
| જૈનધર્મવિષયક પ્રશ્નોત્તર. | ૦-૮-૦ | ૦-૪-૦ |
| આત્મવલ્લભ સ્તવનાવળી. | ૦-૬-૦ | ૦-૩-૦ |

લખોઃ—

**શ્રી જૈન આત્માનંદ સભા—ભાવનગર.**

આનંદ પ્રિન્ટિંગ પ્રેસમાં શેઠ દેવચંદ દામજીએ છાપ્યું.—ભાવનગર.

For Private And Personal Use Only